
Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આધસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી | :સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)



# જયકચ્છ



OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિદ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

૦ સજીવખેતી ૦ ગૌમહાત્મય ૦ પર્યાવરણ ૦ ગ્રામોત્થાન ૦ સ્વાવલંબન ૦ આરોગ્ય

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

★ વર્ષ ૮૯ ★ સંવત. ૨૦૭૮ ★ અષાઢ વદ ૧૩ ★ તા. ૧૫/૭/૨૦૨૩, ★ અંક ૧૩ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૨૦/૭/૨૦૨૩ ★ RNI No. 1886/57

# તો દસ વર્ષમાં જ પાણીની બાબતે સ્વાવલંબી બની શકાય

***આ વાત તમને કદાચ અતિશયોકતિ ભરેલી લાગશે પણ હકિકત જોવા જઈએ તો શકય છે પણ તેના માટે ફકત દ્રઢ મનોબળ, વિશ્વાસ અને સંકલ્પની જરૂર છે. ઈઝરાયલ દેશમાં તો કચ્છ કરતાં ઘણો ઓછો વરસાદ પડે છે તેમ છતાં પાણીની બાબતમાં સ્વાવલંબી છે. ત્યાંના લોકોએ સંકલ્પ લીધો છે અને તેનું પાલન પણ કરે છે કે વરસાદનું એક ટીપું દરિયામાં જવા ન દેવું. જેના લીધે આજે તેઓ સુખી છે અને પાણીને લગતી કોઈ ફરિયાદ નથી. (સૌજન્ય : ડો. યોગેશ જાડેજા, એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજીસ)***

## વરસાદી પાણી સંગ્રહ

કચ્છના દરેક ઘરમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ (પાલર પાણી પીવા માટે) કરવામાં આવે તો વરસાદના કુલ પાંચ ટકા જેટલા પાણીનો બચાવ થઈ શકે અને પીવા માટે શુધ્ધ અને અમૃત જેવું મીઠું પાણી મળી રહે. આજે ભુગર્ભ જળ ઉંડા જતા જાય અને ક્ષારયુકત પણ થયાં છે ત્યારે બિમારી વધી રહી છે. ખેડૂતો પણ આવા પાણીથી ખેતી કરી શકતા નથી. અહીં આપણે ઉદાહરણ લઈશું સુખપર ગામનું. કે જયાં મોટાપાયે વરસાદી પાણીનો સંગ્રહ થાય છે અને બારેમાસ મીઠું પાણી મળી રહે છે. સુખપરમાં પાલર પાણીના સેવનને લીધે પાણીજન્ય રોગો નહીંવત થાય છે.

## ટપક સિંચાઈ પધ્ધતિ

આપણે વાડીઓમાં ધોરીયા પધ્ધતિથી પાણી આપી રહયા છીએ. પણ જો તેને ટપક સિંચાઈમાં બદલી નાખીશું તો તો વરસાદનું પાંચ ટકા પાણી સહેલાઈથી બચાવી શકીશું. અને પાણીને દરિયામાં જતું અટકાવી શકીશું. કિસાનભાઈઓ કે જેઓ સમસ્યાગ્રસ્ત છે તેઓને પણ આ રીતથી રાહત થશે. ઈઝરાયેલ દેશ તો આ પધ્ધતિથી સ્વાવલંબી બની ચુકયો છે. સરકાર ડ્રીપ સિસ્ટમ માટે આર્થિક સહાય આપે અને સામાજિક સંસ્થાઓ પણ તેમા યથાયોગ્ય સહકાર આપે તો દિશામાં સારું કામ થઈ શકે તેમ છે. કચ્છમાં તેની જરૂરત છે.

## ખેતરે ખેતરે ખેત તલાવડી

કચ્છમાં લાખોની સંખ્યામાં ખેતરો અને વાડીઓ આવેલી છે. દરેક વાડીઓમાં જો નાની તલાવડી બનાવી દેવાય તો તેનાથી બે ફાયદો સ્પષ્ટ રીતે થાય છે. વાવણી કર્યા પછી જો વરસાદ લંબાઈ જાય તો ખેત તલાવડીનું પાણી ઉપયોગી સાબીત થાય છે. આ ઉપરાંત તલાવડીનું પાણી ભુગર્ભમાં ઉતરતાં જળસ્તર ઉંચું આવે છે અને ખારાશ ઘટી જાય છે. આપણા સરહદી અને ઓછા વરસાદ વાળા કચ્છમાં જો સફળ તાપુર્વક કામ થાય તો ૫૦ ટકા જેટલું પાણી વરસાદી પાણી બચી શકેછે. અને પાણીની સમસ્યા માંથી કાયમી છુટકારો મળી શકે.

## કુવા રિચાર્જિંગ

ભુર્ગભ જળ અતિશય ઉંઠા જવાથી હવે તે નકામા બની રહયાં છે. જેના કારણે સમસ્યા ઉદભવી રહી છે. જો સારો વરસાદ થાય તો પણ સમસ્યા આપણે પીછો છોડતી નથી પણ જો કુવાઓ રિચાર્જ થાય તો લગભગ ૨૦ ટકા પાણી દરિયામાં જતું અટકી જાય છે. એક કુવો એક ડેમ જેટલું પાણી ભુગર્ભમાં ઉતારવા સક્ષમ છે. આજે નકામા પડેલા કુવાઓને પુનઃજીવંત કરાય તો ઘણો જ ફાયદો થઈ શકે જેની આપણે કલ્પના પણ નહીં કરી હોય. ભુગર્ભ જળ સુધરતાં તેની અસરો સારી જોવા મળે છે. લોકોનું આરોગ્ય સુધરે છે અને જમીનની ફળદ્રુપતા વધી જાય છે.

## ડેમ, તળાવ, તળાવડી

હવે ગામડાઓમાં ટેન્કર અને નળ વાટે પાણી મળતું હોવાથી લોકો તળાવ, તળાવડી ની સંસ્કૃતિને ભુલી ગયા છે. ગામે ગામ તળાવો કાંપથી ભરાઈ ગયા હોવાથી એમાં પાણી સંગ્રહ ઓછો થાય છે અને ભુગર્ભમાં તો લગભગ નહીંવત જાય છે. તો મધ્યમ અને મોટા ડેમો પણ કાંપ–માટીથી ભરાઈ ગયા છે અને નકામા બની રહયા છે ત્યારે તેની સફાઈ કરાવવી જરૂરી છે. ગામ જાગૃત બની આ તળાવો, ડેમો ઉંડા કરતા રહે તો પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધી જાય જેના લીધે ભુર્ગભ જળ સ્તર વધી શકે વરસાદનું ૨૦ ટકા પાણી દરિયામાં જતું અટકાવી શકાય છે.

# ખૂંધવાળી ગાય માનવીને બુદ્ધિમતા અને દીર્ઘ આયુષ્ય અર્પે

પશુપાલનની પ્રાચીનતા ઉપર ઊડતી નજર નોંધીશું તો જણાશે કે એશિયા ખંડમાં ભૂમધ્ય સમુદ્રના કિનારે ૧૦,૦૦૦ વર્ષ પૂર્વે આદિ પશુપાલનનો પ્રારંભ થયો હોવાના પ્રાચીન પુરાવા પ્રાપ્ત થયા છે. પુરાતત્વ સંશોધનમાં ૫૦૦૦ વર્ષ પૂર્વે ગાયોને દોહાતા માણસોનાં ચિત્રો મળ્યાં છે. બેબિલોન આસિરિયા અને ઈજિપ્તમાં એ કાળે પશુપાલનમાં ગાયોનો ઉછેર થતો. ત્યાંથી મળેલા અવશેષો આ વાતની સાક્ષી પૂરે છે. ભારતનો છેલ્લાં છ હજાર વર્ષનો ઈતિહાસ જોઈશું તો વેદકાળ, રામાયણ અને મહાભારત કાળ માં ગાયોનું ખૂબ જ મહત્વ હતું.

ભારતના ઋષિમુનિઓ અને મનિષીઓ માનવીનાં નિરામય આરોગ્ય અને દીર્ઘ આયુષ્ય માટે દેશી ગાયોનાં ઘી–દૂધ કેટલાં ઉપકારક અને મહત્વનાં છે એ વાત હજારો વર્ષથી કહેતા આવ્યા છે. વૈજ્ઞાનિકોએ કરેલું સંશોધન આજે સ્વીકારે છે કે ખૂંધ વગરની યુરોપિયન ગાયો અને ભેંસોની સરખામણીમાં ભારત અને ગુજરાત–સૌરાષ્ટ્રની ખૂંધવાળી ગિર અને કાંકરેજી, શાહીવાલ વગેરે ૩૦ જેટલી નસલની ગાયોનાં ઘી–દૂધ માનવીને દીર્ઘ–નિરામય આરોગ્ય, બુદ્ધિશકિત અને રોગરહિત લાંબું આયુષ્ય આપનારાં છે. આપણે ભૂલી ગયા છીએ એ વાતને મારે અહીં ઉજાગર કરવી છે.

યુરોપિયન તથા ક્રોસ બ્રીડ નસ્લના એ–૧ જીન ધરાવતા લોંગહોર્ન ગોવંશની ઉત્પત્તિ જંગલી ગાયો થકી થઈ છે. આ ખૂંધ વગરના ગૌવંશમાં પરસેવાની ગ્રંથિ ન હોવાથી એનાં દૂધ, પેશાબ અને છાણમાં ઝેરી તત્વો ભરપૂર હોય છે, જે માનવશરીરમાં રોગ પેદા કરે છે. જયારે બધી જ શુદ્ધ ભારતીય નસ્લની એ–૨ જીન ધરાવતી ગાયોનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. આ ગાયો પોતાના શરીરમાંથી પરસેવા મારફતે ઝેરી તત્વો બહાર કાઢી માનવશરીરને ફાયદાકારક ઉત્તમ તત્વોથી ભરપૂર દૂધ, ઘી, છાશ, માખણ, ગૌમૂત્ર અને છાણરૂપે આશીર્વાદ આપે છે, એમ ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામદાસજી અને અધ્યક્ષ ડો. રવિદર્શનજી કહે છે.

ગુજરાતમાં ગીર ગાયો ઉછેરવાનો સમર્પિત સંકલ્પ કરનાર મનસુખભાઈ સુવાગિયા 'ગોવેદ'માં ભારતીય શાસ્ત્રોનો મત ટાંકતાં નોંધે છે કે આપણાં વેદો, પુરાણો, આયુર્વેદના ભાવપ્રકાશ જેવા ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે ગાયની ખૂંધમાં એક વિશિષ્ટ રેખાચક્ર છે. જેમાંથી 'સૂર્યકેતુ' નાડી નીકળે છે, જે ગાયના આખા શરીરમાં પ્રસરે છે. સૂર્યકેતુ એટલે સૂર્યકિરણનો છેડો. સૂર્યમાંથી ત્રણ કલ્યાણકારી કિરણો ધરતી ઉપર આવે છે. જયોતિ, આયુ અને ગો. પૃથ્વી ઉપર ખૂંધવાળી ગાય એક જ એવો દેવી જીવ છે જે આ 'ગો' કિરણને પોતાના શરીરમા ગ્રહણ કરે છે. આ દિવ્ય 'ગો' કિરણ ગાયના શરીરમાં જે નાડી દ્વારા ગ્રહણ થાય છે તેને સૂર્યકેતુ નાડી કરે છે. ગાયના શરીરમાં પ્રસરેલી 'સૂર્યકેતુ' નાડી વિશિષ્ટ સૂર્યશકિતને પોતાના શરીરમાં ધારણ કરી અલૌકિક સંયોજનથી ગાયના યકૃત (લીવર)માં સુવર્ણપિત બનાવે છે. લીવરમાં બનતું સુવર્ણપિત હથેળી જેવડા પિતાશયમાં જમા થાય છે, જેનો રંગ સંપૂર્ણ સોનેરી હોય છે. આ સુવર્ણપિત એક નલિકા માટે ગાયના આંતરડામાં જાય છે અને ગાયનાં દૂધ, ગૌમૂત્ર અને છાણમાં ભળે છે. આ સુવર્ણપિત (સુવર્ણાક્ષર)ના કારણે જ ગાયના દૂધ, ઘી, માખણ, દહીં, છાશ, ગૌમૂત્ર અને ગોબરમાં પીતાશય હોય છે. આ સૂવર્ણક્ષાર ઉત્તમ રોગપ્રતિકારક શકિત મ્યુ (શૌર્ય) અને તન, મન, બુદ્ધિની તેજસ્વિતા આપે છે. જામકાની મૂલ્યવાન ગીર ગાય લક્ષ્મીનું અવસાન થતાં અમે તેના શરીરને અંદરથી ખોલાવી આંતરડાની લંબાઈ, સુવર્ણપિત, ગોરોચન અને આંતરિક રચનાઓ જાત અભ્યાસ કર્યો છે એમ સુવાગિયા નોંધે છે.

ગાયના પિતાશયમાં સુવર્ણપિત જામીને 'ગોરોચન' બને છે. સંસ્કૃતમાં એને ગોરોચનના અને લોકબોલીમાં 'ગોચંદન' પણ કહે છે. આ ગોરોચનનો રંગે સંપૂર્ણ સોનેરી અને તેનું કદ સોપારી જેવડું હોય છે. ગોરોચન અમૂલ્ય ઔષધ છે. તે શુક્રાણુ વધારનાર, તેજસ્વિતા અને ઓજસ આપનાર તથા કફ, નેત્રરોગ, વિષદોષ, કોઢ, ગાંડપણ, ગર્ભસ્ત્રાવ, ક્ષય અને રકતવિકારનો નાશ કરનાર હોવાથી આયુર્વેદમાં એને મંગળદાયી ગણાવ્યું છે.

ગૌવિજ્ઞાન અનુસાર ગીર ગાયના આંતરડાની લંબાઈ ૧૯૦ ફૂટથી ૧૮૦ ફૂટ હોય છે. હોલસ્ટિન ગાયના આંતરડાની લંબાઈ ૧૧૫ થી ૧૨૦ ફૂટ અને ભેંસના આંતરડાની લંબાઈ ૯૦ થી ૯૫ ફૂટ હોય છે. લાંબા આંતરડાને કારણે ગાય જે ખોરાક ખાય છે તેનું બારીકાઈથી ઘણા સમય સુધી પાચન થાય છે. આથી ગાયના દૂધમાં રહેલાં તમામ પોષકતત્વો ઘી, પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, લોહ, ઝિંક, તાંબુ, પ્રોટેશિયન, બોરોન અને બધાં જ વિટામિનો, ક્ષારો વગેરે વધુ સુપાચ્ય થઈ જાય છે. તેથી નાના બાળ ક, બીમાર કે વયોવૃદ્ધ તમામને સરળ તાથી પચી જાય છે. ગાયનાં દૂધ, ઘી, માખણ, દહીં અને છાશ પોષણ અને આરોગ્યની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે. ગાયનાં દૂધનું કેરોટિન, સી. એલ. એ. અને ઓમેગા–૩થી શ્રેષ્ઠ રોગ પ્રતિકારક શકિત પ્રાપ્ત થાય છે.

ગીર અને દેશી ગાયના દૂધમાં વિટામિન 'એ' ભરપૂર માત્રામાં છે, જે આંખનું તેજ વધારે છે. આપણી ગાયોના દૂધમાં વિટામિન 'ડી' ભરપૂર હોય છે. કેલ્શિયમ પચાવવા માટે વિટામિન 'ડી' જરૂરી છે. શરીરમાં વિટામિન 'ડી'ની ખામીથી સાંધાના દુખાવા થાય છે, ગાયનાં દૂધ, ઘીમાં ભરપૂર માત્રામાં સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે, જે મગજની બુદ્ધિશકિત, ગ્રહણશકિત, યાદશકિત અને તર્કશકિત વધારનાર અમૂલ્ય તત્વ છે. ગાયનાં દૂધ ઘી, બાળકને મેઘાવી બનાવે છે. ગાયનાં ઘી દૂધ, છાશ, ગૌમૂત્ર અને ગોબરમાં સ્ટ્રોનસિયેન નામનું તત્વ છે, જે આપણને વિનાશક તથા ઝેરી વિકિરણો સામે સુરક્ષા આપે છે. ગાયના છાણથી લીપેલા મકાન અણુ બોમ્બની વિનાશક અસરોથી રક્ષણ આપે છે. ગીર ગાયના

(અનુસંધાન બીજા પાને)

# ખુંધવાળી ગાય માનવીને બુદ્ધિમતા અને દીર્ઘ આયુષ્ય અર્પે....

(પહેલા પાનાનું ચાલુ)

દૂધમાં ૦.૦૭ મિ. ગ્રામ સુવર્ણક્ષાર હોય છે.કેનિયાના પ્રવાસે જઈ આવેલા મનસુખભાઈ સુવાગિયા કહે છે કે ભારતની જેમ કેનિયા સમૃદ્ધ, કૃષિ, પર્યાવરણ અને દેશી આંબાનો દેશ છે. આજે કેનિયામાં ૧.૨૫ કરોડ દેશી ગાયો છે. આફ્રિકા ખંડની આ ગાયો પીઠ પર ખુંધવાળી અને ભારતીય ગૌવંશ જેવી જ છે. માસાઈ પ્રજા દૈનિક ૨ થી ૩ લિટર ગાયનું દુધ પીએ છે. સમગ્ર પ્રજા પાતળી, ઊંચી અને નીરોગી છે. કોઈને ચરબી, ડાયાબિટીસ, કેન્સર, હૃદયરોગ, સાંધાના વા, શ્વાસ, કફ, વંધ્યત્વ, કોઢ કે આંખે ચશ્માં નથી. પુરી એકીસાથે ૧૦ થી ૩૦ કિ.મી. સહજતા થી દોડવાની પ્રચંડ શકિત અને ફળદ્રુપતા ધરાવે છે. ૮૦ થી ૧૧૦ વર્ષ સુધી તંદુરસ્ત રીતે જીવે છે. આખી દુનિયા સિંહથી ડરે છે, ત્યારે સિંહ પૂરી મસાઈ પ્રજાથી ડરે છે. ૧૮–૧૯ વર્ષનો મસાઈ યુવક ભાલાથી સિંહને મારે પછી જ તેનાં લગ્ન કરવાનો રિવાજ છે. આવી પ્રચંડ તાકાત, પાતળો–સુડોળ બાંધો, નીરોગિતા અને દીર્ઘાયુ પૂરી મસાઈ પ્રજા દેશી ગાયમાંથી પ્રાપ્ત થયાં છે. ગાય થકી મસાઈ પ્રજા વિશ્વની સૌથી પાણીદાર પ્રજા બની શકી છે.

તાજેતરમાં સૌરાષ્ટ્રમાં ગોપાલન કરનાર ૩૦૦ ગામના ગોપાલક પરિવારોના કરાયેલા સર્વેક્ષણમાં જણાયું છે કે ગૌચરમાં ગાયો ચરાવીને જીવનારી પ્રજામાં કોઈને શરીરની અંદરથી રોગ ઉત્પન્ન થતા જ નથી તેમ ભેંસનું દૂધ ખાનારી પ્રજાની તુલનાએ વધુ પાણીદાર, તાકાતવર, નીરોગી અને સુડોળ બાંધાની છે, જયારે ૧૦૦૦ થી વધુ ગામોમાં જણાવ્યું કે, ભેંસનું દૂધ ખાનારી પ્રજા આળસુ, નિસ્તેજ, ચરબીવાળી અને અંદરથી ઉત્પન્ન થયેલા રોગોથી પીડાતી પ્રજા છે.

ભારતીય આયુર્વેદ તો ત્યાં સુધી કહે છે કે, ગાયના દૂધમાં સંતાન ઉત્પન્ન કરવાની શકિત પડેલી છે. પુરૂષને શુક્રાણુનોની ઊણપ કે નબળાઈથી અને સ્ત્રીને બીજ નબળાઈના લીધે સંતાન ન થતાં હોય તો પુરૂષે રોજ ૨૦૦ થી ૩૦૦ ગ્રામ ગાયના દૂધમાં ૧૦ ગ્રામ અશ્વગંધા, ૫ ગ્રામ કૌચ પાઉડર અને એક ચપટી સૂંઠ નાખી ઉકાળેલું દૂધ રોજ પીવું. સ્ત્રીએ એટલા જ દૂધમાં ૧૦ ગ્રામ શતાવરી પાઉડર અને એક ચપટી સૂંઠ નાખી ઉકાળીને નિત્ય પીવું.

# ટીપાંનો સાદ

કચ્છડો લીલો ટીપે ટીપે, જીવન આપણું ટીપે ટીપે,
પાક તો હરખે ટીપે ટીપે, જીવન ખેડૂનું ટીપે ટીપે,
ટીપું છે ધરતીનું ધાવણ, ટીપામાં લીલો મહેરામણ,
ચાલો સૌ સાથે મળીને પાણી બચાવીએ ટીપે ટીપે,
સાંભળો સૌ ટીપાનો સાદ, આજ સાંભળો જળનો નાદ.....
જીવન બચાવવું હોય તો ચાલો!
બચત કરો પાણીની, બાંધો પાળ પાણી માટે,
જીવન ખુશીથી સભર બને જો મુલ્ય કરો માથા સાટે,
કરશો ભૂલતો આપત્તિ આખર, શ્વાસ કહે પાણીનો,
સાંભળો સૌ ટીપાનો સાદ, આજ સાંભળો જળનો નાદ.....
ટપક સિંચાઇના ટીપે ટીપે, ભેજથી રાજી પાક થશે,
નિંદામણને ખાતર બચતાં, હિસાબમાં નાણાં વધશે,
ટપક રીત અપનાવી જો જો, પાણી બચે અણમોલ ઘણુ,
સાંભળો સૌ ટીપાનો સાદ, આજ સાંભળો જળનો નાદ.....
નવો જમાનો નવી પધ્ધતિ, ખેડૂતની છે એમાં ઉન્નતિ,
અપનાવો આ ટપક પધ્ધતિ, જલ્દી તેની લોન મળે છે,
સરકારી સબસીડી મળે છે,
ટપકથી પાતાળ પાણી વધે છે,
નથી બગડતી જમીન કોઇ દિ,
સાંભળો સૌ ટીપાનો સાદ, ....

મહેશ સોલંકી 'બેનામ'

# તા. ૧૨–૧૩– ૧૪ ઓગષ્ટના યોજાશે સજીવ ખેતી તાલીમ

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિતન સાધના સ્થળ ખાતે તા. ૧૨–૧૩–૧૪ ઓગષ્ટના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦ નો સંપર્ક કરવો.

## ઈજન

સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....

– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ

ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)

મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,

નોધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–


## સત્વમ

નેચરલ અને ઓર્ગેનિક

- ૦ પંચગવ્ય ઉત્પાદન
- ૦ અનાજ
- ૦ સિંધવ નમક
- ૦ માટીના વાસણ
- ૦ કાચી ઘાણીનું તેલ
- ૦ બુરો (સાકર)
- ૦ દેશી ગોળ
- ૦ કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
- ૦ ગૌમૂત્ર અર્ક
- ૦ ઔષધિઓ
- ૦ મસાલા
- ૦ ઘર વપરાશની વસ્તુઓ

ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)

સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭



## સજીવ ખેતી ઉત્પાદન, ગૌ ઉત્પાદન તેમજ ગ્રામોત્થાનને લગતી પ્રવૃતિ ધરાવનારાને પ્રચાર પ્રસાર માટે ઉત્તમ તક

| | | |
|---|---|---|
| ૦ એક વાર પ્રસિધ્ધિઃ | રૂા. ૨૫૦/– | (૧ અંક) |
| ૦ એક વર્ષ સુધી પ્રસિધ્ધિ : | રૂા. ૫૦૦૦/– | (૨૪ અંક) |
| ૦ બે વર્ષ સુધી પ્રસિધ્ધિઃ | રૂા. ૧૦,૦૦૦/– | (૪૮ અંક) |

"જયકચ્છ"માં જાહેરાત આપવા માટે સંપર્ક કરો :

મો. ૯૯૨૫૧ ૭૪૬૯૯


## "જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત

ખાતાનું નામ : જયકચ્છ

JAYKUTCH

બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા

શાખા : ભુજ(કચ્છ)

ખાતા નંબર : 3183285279

આઈએફએસસી : CBIN0280589

રકમ જમા કરાવ્યા બાદ મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી

(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)

(એક વર્ષથી વધુ સમય માટે પણ લવાજમ ભરી શકો છો)

## ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

આયુર્વેદમાં પ્રાચીનકાળ૯૮થી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.

## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૬૮૭૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશૂલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશૂલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

## દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈ ત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.


## વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા

(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય

આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા

સોમવાર થી શુક્રવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી

સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪

શ્રી સર્વસેવા સંઘ કાર્યાલય,સંતોષ સોસાયટી, વી.ડી. હાઈસ્કુલની સામે, ભુજ(કચ્છ)

# કચ્છના ત્રણ સાક્ષરોનું સાંદીપનિ ગુરુ ગૌરવ એવાર્ડથી સન્માન









**પોરબંદર ખાતે દ્વિદિવસીય સમારોહમાં જાણીતા લેખક અને કેળવણીકાર ડૉ. ઈશ્વર પરમાર લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવાર્ડ તથા ડાયેટ–ભુજના પ્રાચાર્ય સંજય ઠાકર અને રાપરના શિક્ષક હરેશ ગેલોત ગુરુ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરાયા**

સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા ( પૂજ્ય ભાઈશ્રી ) પ્રેરિત શ્રી સાંદીપનિ ગુરુકુલ (શ્રી સાંદીપનિ વિદ્યાનિકેતન), પોરબંદર દ્વારા ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ કચ્છના કેળવણી ક્ષેત્રના ત્રણ વ્યક્તિવિશેષનું તેમની ઉમદા કામગીરી માટે એવોર્ડ આપી સન્માન કરાયું હતું. મૂળ રેહા (તા. ભુજ)ના દ્વારકા સ્થિત બહુઆયામી સર્જક અને કેળવણીકાર ડૉ. ઈશ્વરભાઈ દામજીભાઈ પરમારને એમની શ્રેષ્ઠ આજીવન સેવાઓ માટે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ડાયેટ–ભુજના પ્રાચાર્ય, અભ્યાસુ કટાર લેખક અને જાણીતા સંશોધક સંજય પ્રાણલાલભાઈ ઠાકર અને મૂળ વડિયા (તા. દિયોદર જિ. બનાસકાંઠા )ના અને હાલ દૂધડેરી પં. પ્રા. શાળા, રાપરના પ્રયોગશીલ યુવાન શિક્ષક હરેશ બદાભાઈ ગેલોતને ગુરુ ગૌરવ એવોર્ડ આપી તેમના કાર્યની ભાવવંદના કરાઈ હતી.

પોરબંદર સાંદીપનિ વિદ્યાનિકેતન સંકુલ મધ્યે પ્રથમ દિવસે શ્રી રમેશભાઈ ઓઝાની ઉપસ્થિતિમાં અભિવાદન પામનાર અધ્યાપકોએ પોતાના કાર્યો, અનુભવો અને વિચારો વ્યક્ત કર્યા હતા. છ જૂથમાં પેનલ ડિસ્કશન અને વિચારસાર પ્રસ્તુત થયા હતા. ઋષિકુમારો દ્વારા વેદ મંત્રો તથા પ્રાર્થનાથી ભાવાવરણ પવિત્ર અને મંગલમય થયું હતું. બીજા દિવસે આજીવન સિદ્ધિ સન્માન મેળવનાર કેળવણીકારોની અનુભવયાત્રા રજૂ થઇ હતી. તે પછી એવોર્ડી સાક્ષરોનું ભાવપૂજન પૂજ્ય ભાઈશ્રીએ કર્યુ હતું. સન્માનપત્ર, સ્મૃતિચિહ્ન, રોકડ પુરસ્કાર અને સંસ્કારવર્ધક સાહિત્ય કીટ દ્વારા અધ્યાપકોની ભાવવંદના કરવામાં આવી હતી. આ અવસરે જાણીતા શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ, ડૉ. ટી. એસ. જોશી, ગુરુકુલ સાથે જોડાયેલા કચ્છના સામાજિક આગેવાન અરજણભાઈ કાનગડ અને સંજયભાઈ સૂચક (તાન્ઝાનિયા) હાજર રહ્યા હતા. સૌ સાક્ષરોએ મહાત્મા ગાંધીના જન્મસ્થળ કીર્તિ મંદિર અને બીજા સ્થળોની મુલાકાત લીધી હતી.

# 'ઓરા' એટલે આભામંડળ

**ડૉ. બકુલાબેન બુચ, ખેડા**

'ઓરા' એટલે આભામંડળ તેજો વલય કે ફોટામાં એક પ્રકારનું તેજવર્તુળ દોરેલું હોય છે જેને 'હોલો' પણ કહે છે. વ્યક્તિનું અંતર્ગત તેજ આ રૂપ પામે છે આ રીતે આપણે એને સામાન્ય વ્યક્તિ કરતાં અલગ બતાવીએ છીએ. હકીકતમાં દરેક મનુષ્યમાં મનુષ્યત્વનો વાતાવરણ, પર્યાવરણ, વ્યક્તિગત સ્વભાવ, સંબંધોના સમીકરણો તેને અશુદ્ધ બનાવે છે. અત્યારે આપણે ઓરા અશુદ્ધ થવાનાં કારણો તપાસીશું

**ઓરા અશુદ્ધ થવાનાં કારણો**

(૧) શુદ્ધ હવાનો અભાવ, બંધિયાર નિવાસસ્થાન, (૨) અશુદ્ધ પાણી (૩) વાસી ખોરાક, (૪) ભુખ વિનાનું ભોજન, (૫) અતિમાત્રામાં ભોજન (૬) બેઠાડુ જીવન, વ્યાયામનો અભાવ અને અતિશ્રમ, (૭) અતિ નિદ્રા અથવા અલ્પ નિદ્રા, (૮) ઈલેકટ્રોનિકસ ઉપકરણોનો અતિ ઉપયોગ મોબાઈલ, કમ્પ્યુટર, ટી.વી., (૯) સ્વચ્છતાનો અભાવ, (૧૦) નિરર્થક ચીજોનો સંગ્રહ, (૧૧) ઓવનમાં તૈયાર ખોરાક, માઈક્રોવેવથી તૈયાર થતી વાનગીઓ, (૧૨) પ્રાણ શકિત વિનાનો ખોરાક મમરા, ખાખરા, બિસ્કીટ, બ્રેડ, (૧૩) ચિંતાવાળું જીવન–જીવ બાળવાની વૃતિ–તનાવ (૧૪) વ્યર્થનો વાણી વિહાર, (૧૫) આંખો દ્વારા વ્યર્થ જોવું, (૧૬) ઉદાસીનતા, (૧૭) ગંભીરતા રમુજ વૃતિનો અભાવ, (૧૮) નફરત, ક્રોધ, દ્વેષ, ધૃણા, જુગુપ્સા, (૧૯) અતિ સનામય જીવન, (૨૦) પરપીડન વૃતિ, હિંસા, શાપ દેવાની વૃતિ, (૨૧) નકારાત્મક ભાવ, વિચાર, આધાર, કલ્પના (૨૨) અહંકાર, (૨૩) અતિ સંવેદનશીલતા માન–અપમાન વિશે, (૨૪) નકારાત્મક ભાવ, વિચાર, આચાર, કલ્પના, (૨૫) પ્રજ્ઞાપરાધ, (૨૬) ફોબિયા, ભય, અન્યોને ભયભીત કરવાની આદત, (૨૭) અરેરાટી સર્જે તેવી વાતોનું અથવા દુઃખના પ્રસંગોનું વારંવાર સ્મરણ, (૨૮) બિમારીઓની વારેઘડીએ ચર્ચા અને કલ્પના, (૨૯) ધનની યાત્રા પાછળ અતિશય લાલસા, (૩૦) કંજૂસાઈ અથવા અતિશય સંગ્રહવૃતિ, (૩૧) વિવિધ બિમારીઓ, સ્વયંની અથવા કુટુંબના સભ્યોની કે પ્રિયજનની, (૩૨) મેળવ્યા કરતાં ખોવાયાનું સ્મરણ, (૩૩) નિંદામય કટુવાણી, (૩૪) નકારાત્મક મિત્રોની સંગત, (૩૫) વિવિધ વ્યસનોનું સેવન, (૩૬) અપેક્ષાનો દુરાગ્રહ, (૩૭) વેરવૃતિની આદત, (૩૮) કુટુંબ, કલેશ, વિખવાદ, (૩૯) ધ્વનિ પ્રદુષણ, (૪૦) કોઈની હકની ચીજોની ઉપર તરાપ મારવી, અપ્રમાણિક–અસત્ય, (૪૧) વિવિધ સ્તરો, પરફ્યુમ્સ, (૪૨) ઉર્જાનો વિધ્વસાત્મક ઉપયોગ, (૪૩) દુર્ગંધ, ગટર આદિની સ્મેલ, (૪૪) ચીજોની અવ્યવસ્થાને કારણે શોધવાને કારણે, (૪૫) લાલ, કાળાં વસ્ત્રો અને રંગો, (૪૬) બાવળ–ખજૂરી વિગેરે વૃક્ષોનું સાનિધ્ય, (૪૭) ઉત્તર, પશ્ચિમ દિશામાં શયન, (૪૮) અશુભ સ્વપ્નો અથવા દુઃસ્વપ્નવાળી નિદ્રા, (૪૯) પાગલ ખાનું, જેલ, હોસ્પીટલનાં વાતાવરણની અસર, (૫૦) લોખંડ આદિ ધાતુનો સ્પર્શ, (૫૧) ઋતુ સંધિનો પ્રભાવ, બપોરની અસર, પાનખર, (૫૨) સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, (૫૩) પ્રાકૃતિક આપદા દુકાળ, ભૂકંપ, સુનામી, વાવાઝોડું, (૫૪) શંકા બહેનોની ઓરા ખૂબ જ લગાડે છે, (૫૫) પરિચિતનું મરણ અથવા હાનિ, નુકશાન, (૫૬) અધૈર્ય અને સહનશીલતાનો અભાવ, (૫૭) ખોરાકમાં પોઈઝન–ફૂડપોઈઝન વિવિધ માફક ઝેર અથવા હવાનો ઉપયોગ, (૫૮) અતિ સ્વચ્છતા અને પવિત્રતાનો દુરાગ્રહ, (૫૯) નિરાશા, હતાશા, ગમગીની, (૬૦) નાની સમસ્યાઓ મોટી કરવાની આદત, (૬૧) વિવિધ રંગોને કારણે, (૬૨) જીવજંતુઓનો ડંખ, (૬૩) અકસ્માત લોહી વહી જવાથી, (૬૪) અતિશય અસંતોષ, (૬૫) એક સમયે અનેક કાર્ય, (૬૬) અશાંતિ, (૬૭) પરમાત્માને ફરિયાદ, (૬૮) અપરાધભાવ, અતિશય પસ્તાવો, (૬૯) માલિકી ભાવ, (૭૦) સામાન્ય સગવડો, (૭૧) તીવ્ર ઈચ્છા, (૭૨) બીજાના દુઃખને દુખી થવું, (૭૩) સ્નાન ન કરવું, મેલાં કપડાં પહેરવાં, (૭૪) દેવું ન ચૂકવાય તેની ચિંતા, (૭૫) મનનું સતત ભૂતકાળ અથવા ભવિષ્યકાળમાં ભ્રમણ કરવું, (૭૬) ધ્રાસકો લેવાની અથવા આપવાની આદત, (૭૭) અતિ સર્વત્ર વર્જયતે અતિની આદત અસ્વીકાર, (૭૮) જીવનમાં સ્થિરતાનો આગ્રહ, પરિવર્તનનો અસ્વીકાર, (૭૯) અતિશય શરમ–સંકોચ, (૮૦) કુદરતી વેગોને રોકવા. વગેરે ઓરાને અશુધ્ધ કરે છે.

# અદાણી ફાઉન્ડેશનના સહયોગથી મુંદ્રાના ખેડૂતો માટે ઘરઆંગણે તૈયાર બજાર: ગ્રાહકોને શુદ્ધ પ્રાકૃતિક ખેત ઉત્પાદનો વ્યાજબી ભાવે ઉપલબ્ધ




અદાણી ફાઉન્ડેશનના સહયોગ અને માર્ગદર્શનથી મુંદ્રાના ખેડૂતોને ઘરે બેઠા બજાર મળી ગયું છે. ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવાના હેતુથી ફળો અને શાકભાજીના વેચાણર્થે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.શ્રીરાજશક્તિ પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી હેઠળ તાજા ખેત ઉત્પાદનોનું વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.જેમાં ખેડૂતોને ખેતી માટે ટેકનિકઅને સલાહની સાથો સાથ તૈયાર બજાર પણ ઉપલબ્ધ છે.આ પ્રસંગે મુંદ્રાના અગ્રણીઓ સહિત સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. વેચાણ કેન્દ્રની નવી વ્યવસ્થાથી ખેડૂતો સીધા માર્કેટિંગ સાથે જોડાઈ શકશે તેઓને તૈયાર બજાર સહિતઅનેક વિકલ્પો મળશે. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર –સાડાઉના મુખ્ય વૈજ્ઞાનિક ડો. ટાંકે ખેડૂતોને અભિનંદન આપતા સામૂહિક વેચાણ વ્યવસ્થાને અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ ગણાવી હતી. અદાણી ફાઉન્ડેશન સી.એસ.આર.હેડ પંક્તિબેન શાહે જણાવ્યું હતું કે અમો ઘણાં સમયથી આ ઘડીની રાહ જોતાં હતા કે ખેડૂતો તેમના ઉત્પાદનો પોતે વેચાણ કરી પોતાના માલના મબલખ પૈસા ગણાતા હોય. માવજીભાઈ બારૈયા સહિતના આગેવાનોએ માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

# પ્રાકૃતિક ખેતીના અભિયાનને જનજન સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય કરો

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું પત્રકાર જગતને આહવાન

o ગુજરાતના ૭.૧૩ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે
o છેલ્લા ત્રણ માસમાં ૧૦ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમબદ્ધ કરાયા
o રાજ્યની ૫૨૩૩ ગ્રામ પંચાયતોમાં ૭૫ કે તેથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. જેમાં બીજી ૩૬૭૯ જેટલી પંચાયતો આગામી એકાદ માસમાં ઉમેરાશે.
o ગાયનું ગોબર અને ગોમૂત્ર ખેડૂતો માટે વરદાનરૂપ છે
o પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતની આવક પહેલા વર્ષથી જ વધે છે

રાજભવન, ગાંધીનગર ખાતે પ્રાકૃતિક કૃષિ વિષય પર પરિસંવાદમાં ઉપસ્થિત વિવિધ સમાચાર માધ્યમોના તંત્રીઓ–પ્રતિનિધિઓને સંબોધિત કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાવું એ સમયની જરૂરિયાત છે. વધતાં જતાં ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે.

રાજ્યપાલશ્રીએ દેશમાં થયેલી હરિયાળી ક્રાંતિની વાતથી શરૂઆત કરતાં જણાવ્યું કે લગભગ 60ના દાયકામાં થયેલા અભ્યાસ અનુસાર ભારતની જમીનમાં બેથી અઢી ટકા કાર્બન હતો, પરંતુ એ સમયની જરૂરિયાત અનુસાર યૂરિયા સહિતના રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધવાના કારણે આજે આ પ્રમાણ 0.5થી પણ ઓછું થઈ ગયું છે. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે. એટલું જ નહીં, જમીન, હવા અને પાણી પ્રદૂષિત થયાં છે તેમજ વિવિધ રોગોનું પ્રમાણ પણ વધ્યું છે.

તેમણે ઉમેર્યું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિઓ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, જ્યારે ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે.

રાજ્યપાલે યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતાં જણાવ્યું કે જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ આજે ઘટાડવામાં નહીં આવે, તો આગામી 40-50 વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતા યૂરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ પણ ખર્ચ થાય છે. જ્યારે પ્રાકૃતિક કૃષિ થકી જમીનનાં પોષક તત્વો પણ જમીનમાં જ જળ વાઈ રહે છે તેમજ વરસાદી પાણી પણ જમીનમાં ઉતરવાના કારણે જમીનનું જળસ્તર પણ ઊંચું આવશે.

તેમણે જણાવ્યું કે દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ જીવાણુ હોય છે. આવી ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરું ઉત્પાદન મળે છે. આ માટે તેમણે કુદરતી ખાતર બનાવવાની વિધિ, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન વિશે પણ વિગતવાર સમજણ આપી હતી.

રાજ્યમાં પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોની સંખ્યામાં થયેલી વૃદ્ધિ વિશે વિગતો આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે છેલ્લાં ચાર વર્ષ દરમિયાન રાજ્યમાં ૭.૧૩ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે, જ્યારે માત્ર છેલ્લા ત્રણ માસમાં ૧૦.૩૯ લાખ ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે આઝાદીનાં ૭૫ વર્ષના અનુસંધાને આયોજિત ખેડૂત સંમેલનમાં વડાપ્રધાનશ્રીએ દેશની પ્રત્યેક ગ્રામ પંચાયતમાં ઓછામા ઓછા ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. પરિણામસ્વરૂપ, આજે ગુજરાતની ૫૨૩૩ ગ્રામ પંચાયતોમાં ૭૫ કે તેથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. જેમાં બીજી ૩૬૭૯ જેટલી પંચાયતો આગામી એકાદ માસમાં ઉમેરો થવાની સંભાવના દર્શાવી હતી. રાજ્યપાલશ્રીએ કહ્યું કે આ એક સામૂહિક પ્રયાસ છે. ત્યારે નવજાગરણના આ કામમાં જોડાઈને રાજ્યના ખેડૂતોમાં તેમજ સામાન્ય નાગરિકોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ પ્રસારિત કરવા વિવિધ માધ્યમોના પ્રતિનિધિઓને અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના અગ્રસચિવ રાજેશ માંજુ, મુખ્યમંત્રીશ્રીના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક ધીરજ પારેખ, આત્મા પ્રોજેક્ટના ખાસ ફરજ પરના અધિકારી દિનેશ પટેલ તેમજ વિવિધ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તથા રેડિયો અને તંત્રીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ જિલ્લામાં આત્મા ના નાયબ નિયામક પી.કે. તલાટી અને પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો કલેક્ટર કચેરી ભુજ ખાતેથી વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા.

**ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'**

*આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના સારાં પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.*

# અગ્નિહોત્ર કૃષિ પધ્ધતિઃ સુખી અને સમૃધ્ધ કિસાન

કૃષિ કાર્ય અત્યંત મહત્વપુર્ણ કાર્ય છે. એટલા માટે કૃષિ આપણા અર્થશાસ્ત્રની કરોડરજજુ સમાન લેખાય છે. પણ હાલમાં જોવા જઈએ તો ખેડૂત નિરાશ છે. અને પરેશાન છે. રાસાયણિક ખાતર અને કિટનાશકના દુષ્ચક્રમાં ફસાઈ ને બરબાદીની રાહ પર ધકેલાઈ ગયો છે. ખેતરની ઉપજ શકિતનો નાશ અને ખેતીમાં વધતા ખર્ચા તેમજ ઝેરીલા ધાન્ય, શાકભાજી, ફળ વેચવાની મજબુરી તેને ઘેરી વળી છે.

એક કિસાન આજે શાકભાજીમાં દવા નાખે છે. અને બજારમાં વેચી આવે છે. દવાના દુષ્પ્રભાવથી તે પરિચીત છે. બીજો એક ખેડૂત અગ્નિહોત્ર પધ્ધતિથી શાકભાજી ઉગાડીને બજારમાં વેચે છે. અને એ પણ જાણે છે કે તેની ઉપજ પ્રાણદાયીની તત્વોથી ભરપુર છે. ખેતી બન્ને કરે છે, ઉપજના પૈસા બન્નેને મળે છે. પણ એકના મનમાં કયાંક પીડા છે તો બીજાના મનમાં ખુબ જ સંતોષ છે.

આ ઝેરીલી દવાઓ ખાલી પેટ જ નથી પહોંચતી પણ સંપુર્ણ પર્યાવરણને ઝેરીલું બનાવે છે. અગ્નિહોત્ર કૃષિ પધ્ધતિ છે પ્રાણ ઉર્જા વિજ્ઞાન પર આધારિત છે. પર્યાવરણમાં અમૃત સંજીવની મિશ્ર કરી દે છે.

આવો આપણે સૌથી પહેલાં અહીં જાણીએ કે, અગ્નિહોત્ર શું છે ? વેદોકત અગ્નિહોત્ર ચિકિત્સકીય પ્રભાવ (હીલીંગ ઈફેકટ) રાખે છે. આના સાવ સરળ પાંચ નિયમ છે.

**(૧) વિશિષ્ટ આકારનું અગ્નિહોત્ર પાત્ર (તાંબા કે માટીનું નિશ્ચિત આકારનું)**
**(૨) દેશી ગાયના ગોબર**
**(૩) દેશી ગાયનું વલોણાનું ઘી**
**(૪) તમારા ગામ કે સ્થાનનો સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય**
**(૫) વિશિષ્ટ મંત્ર**

પિરામીડ આકારનું નાનકડું પાત્ર અતિવિશિષ્ટ પ્રભાવ ધરાવે છે. આકાર ઉપરાંત તાંબાનું કે માટીનું જ હોવું જરૂરી છે.

ગાયના પાતળા બનાવેલા છાણા કે જે રોટલા જેવા નાન નાના બનાવવા, આ કંડા ફલોર પર અથવા પ્લાસ્ટીકના પાથરણા પર બનાવવાના હોય છે. ઓછામાં ઓછા બે કંડા આ હવનમાં પર્યાપ્ત છે.

આ પાત્રમાં અગ્નિહોત્ર કરવાના ૫ થી ૭ મિનિટ પહેલાં તેને નાના ટુકડા કરીને બરોબર ગોઠવી દેવાય છે. હવાની બરાબર અવરજવર થાય તેવી રીતે તેની ગોઠવણ કરવી અગ્નિને સારી રીતે પ્રજવલ્લીત કરવા ગુગળ, કપુર, કે રૂ ની વાળીવાટનો ઉપયોગ કરવો.

આ અગ્નિમાં આપણે ઓગ્નિહોત્ર સમય મુજબ આહુતિ આપવાની છે. આહુતિની સામગ્રી છે. (૧) એક થી બે ટીપાં દેશી ગાયનું ઘી, એક ચપટી આખા દેશી ઘી ના ટીપાંમાં મેળવીને તેના બે ભાગ કરી દયો આ બે વસ્તુઓ ની હવનમાં આહુતિ આપવાની છે. અન્ય કોઈ વસ્તુઓ હવન પુર્ણ થયા પછી પણ નાખવી નહીં.

અગ્હિોત્રમાં સમય બહુ મહત્વનો છે. સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય દરેક શહેર અને ગામમાં અલગ અલગ હોય છે. એટલા માટે તમે જયાં રહો છો ત્યાંના સ્થાનિકના ટાઈમ મેળવી લેશો. અને તેના મુજબ આહુતિ આપવી. આહુતિ આપવામાં ૨૦ થી ૨૫ સેકન્ડ લાગે છે અને ભસ્મ થવામાં ૨ થી ૪ મિનિટ લાગે છે. નિશ્ચિત સમય પર આહુતિ આપવી એ મહત્વનું છે.

સૂર્યોદય વખતે

**પહેલો મંત્ર**
**સૂર્યાય સ્વાહા.. (પહેલી આહુતિ અગ્નિમાં આપવી)**
**સૂર્યાય ઈદં નમમ**
**બીજો મંત્ર**
**પ્રજાપતયે સ્વાહા (બીજી આહુતિ અગ્નિમાં આપવી)**
**પ્રજાપતયે ઈદં નમમ**

સૂર્યાસ્ત વખતે આ બે મંત્રની આહુતિ આપવી

**બીજો મંત્ર**
**અગ્નયે સ્વાહા.. (પહેલી આહુતિ અગ્નિમાં આપવી)**
**અગ્નયે ઈદં નમમ**
**બીજો મંત્ર**
**પ્રજાપતયે સ્વાહા (બીજી આહુતિ અગ્નિમાં આપવી)**

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.